# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

**સહજાનંદી સિંહ**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ગોલીડા ગામની આ વાત બહુ સુંદર છે.

આપણે બધા યાત્રા કરવા જઈએ છીએ પણ મોટું ગામ હોય ત્યાંજ જઈએ છીએ પણ નાના નાના ગામોના તીર્થો લગભગ આપણે ભૂલી જઈએ છીએ.

વાત એમ છે કે, ગોલીડા ગામમાં ચાર ભાઈઓ, ચારેય જુવાનીયા, જ્ઞાતિથી રાજગોર બ્રાહ્મણ, પાકા સત્સંગી, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે. સત્સંગી એવા સાચા, એવા પાકા કે ન પૂછો વાત. ચારેય ખેતી કરતા અને હૈયામાં સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા. શ્વાસે શ્વાસે ભગવાનના નામની સુગંધ ભરેલી. અને બળ પણ એવું.

એક દિવસ આ ચારેય ભાઈ ખેતરથી ઘેર આવતા હતા. સાંજનો સમય હતો. એમણે નજરે એક બનાવ દેખ્યો ગામની ભાગોળે બે જમદૂત દેખાયા. બે જમદૂતો એક પાપી જીવને લઈને જમપુરીમાં જતા હતા. ચારે ભાઈઓએ વિચાર કર્યો. આ શું ? આ તો જમદૂત છે અને આપણા ગામમાં ? આ ગામમાં આપણે સત્સંગી છીએ અને આપણા ગામમાંથી કોઈ જીવ જમપુરીમાં શાનો જાય!

જો જો હવે કેવી અનોખી લડાઈ થાય છે ! અને જીત કેવી રીતે મળે છે ! આપણે આ ગામના છીએ, આપણે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ અને આપણા ગામમાંથી કોઈ જીવ, ગમે તેવો કેમ ન હોય પણ જમપુરીમાં જાય જ કેમ ? કારણ કે આપણે મોટે બોલાયેલા સ્વામિનારાયણ નામના શબ્દો આખા ગામવાળાએ સાંભળ્યા હોય.

ચારે ભાઈ વહેલા ઉઠે, નદીએ ન્હાવા જાય ત્યારે સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...... ધૂન બોલતા બોલતા જાય. આખા ગામમાં ખબર કે આ ચાર ભાઈ સ્વામિનારાયણ ભગવાનના પાકા ભક્ત છે. એને બીજો રંગ ચડે એમ નથી. એટલે આ ચાર ભાઈ વિચાર કરે છે આ જીવને જમના હાથમાં જવા જ ન દેવો.

જેના હૈયામાં સ્વામિનારાયણ ભગવાન બેઠા હોય એના હૈયામાં પૂરી તાકાત હોય. ચાર ભાઈના નામ - ''ભીમ, રાઘવ, વશરામ, રાણો, ચારે ભક્ત પ્રભુના પરમાણો.'' ચારભાઈએ હાકોટો માર્યો જાણે કે કોઈ ચોરને હાકોટા મારતા હોય. એય મૂકી દો એ જીવને. એટલે બે જમદૂતો ઉભા રહ્યા અને કહેવા માંડ્યા. અરે આ વળી કોણ છે. ફોતરા જેવા ! કેમ તારે શું કામ છે ? શું કામ છે એટલે ! એ જીવન મૂકી દે. અલ્યા ભાઈ જીવતો પાપી છે અને પાપીને અમે લઈ જઈએ છીએ જમપૂરીમાં. એ પાપી હોય કે પુણ્યશાળી પણ અમે કહીએ છીએ કે એ જીવને મૂકી દે. ત્યાં એક જમદૂત કહે છે - તમે કાયદામાં ખલેલ કરો છો. તમે સત્સંગી થયા ને ચાંદલો કર્યો એટલે ધર્મરાજાના કાયદામાં ખલેલ પહોંચાડવાનો તમને કંઈ અધિકાર નથી. જો ભાઈ ! કાયદાની વાતો કરવાની રહેવા દે. અમે ખેડૂત છીએ અને અમે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ. અમે કહીએ છીએ કે એ જીવને મૂકી દે. અમે જે કહીએ છીએ એ કાયદો. પેલો જમ કહે છે - મુક ને ઉપાધિ, એ તો બોલ્યા કરશે. એનાથી શું થવાનું ! મોટા સત્સંગી થયા હોય તો તારૂં ઘર સાચવ. જો તારા ઘેર આવીએ તો વાત કરજે. આ તો પાપી જીવ છે ને અમે લઈ જઈએ છીએ.

આ ચારેમાં ભીમજી ભારે ઉતાવળો. એમ આ જમડા નહીં માને. બાવડામાં બળ પણ ખરૂં અને હાથમાં મોટી ડાંગ. એક લાકડી મૂકીને ફટાક દઈને ! એ જમદૂતના દાંત ઉપર આવી. તમને નવાઈ લાગે..... એનો દાંત દસ ઈંચ લાંબો એવો ભયંકર દાંત એવી રાક્ષસી શક્તિ તે ઉપર આ ભીમે લાકડીનો પ્રહાર કર્યો જમના દાંત ઉપર અને કડાક દઈને દાંત તૂટ્યો. જેમ પથ્થર તુટે એમ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ પોતાની કલમે આ ચરિત્ર લખ્યું છે.

**''ત્યારે ભીમ રાણો ભડભારી, કૃતાંત દાંતમાં ડાંગ મારી**
**થયો કડાકો વસમી વીતિ, જમ ભક્તને ન શક્યા જીતી.''**

જમદૂતને એમ થઈ ગયું આ તો જુદા જ લાગે છે. આપણે એમ માનતા હતા કે ફોતરાં જેવા પણ ફોતરાં આપણી આંખમાં પડે એવાં છે. શું કરશું ? મૂકોને પંચાત

એક જીવ નહોતો, બીજું શું ? જમપુરી આખી ઉભરાય છે. અને એ જીવને પડ્યો મુકી જમદૂત ભાગી જાય છે. આ ચારભાઈ વિચાર કરે છે. હવે આપણે શું કરશું આ જીવનું? એનું આયુષ્ય પુરૂં થઈ ગયું છે, દેહ છોડીને આવી ગયો છે. હવે આને શું કરવાનું ? ત્યારે મોટો ભાઈ કહે છે, ''સ્વામિનારાયણ ભગવાનના નામથી, એમના પ્રતાપથી, એમના ઐશ્વર્યથી હે જીવ ! તું બદરીકાશ્રમમાં જા અને ત્યાં જઈને તપ કર.'' અને એ જીવ ચાલ્યો ગયો.

કેવો સત્સંગ હશે ! કેટલી તાકાત હશે ! કે પાપી જીવને જમના હાથમાંથી છોડાવી દીધો.

**''જેને બળ બહુનામી તણું, માન્યું પોતાને સેવકપણું તેથી જાણો કોણ ન જીતાય, આ લોક પરલોક ને માંય.''**

આનું જ નામ સહજાનંદી સિંહ, ઘણીવાર કૂતરા ભસવા માંડે પણ પછી જો ભય આવે ને તો પૂંછડી સંતાડીને ભાગે. એ પૂંછડી સંતાડીને ભાગે એ સિંહ ન કહેવાય. વિપત્તિમાં જે સામો પડે એ સાચો સહજાનંદી સિંહ કહેવાય.

મિત્રો ! યાદ રાખો. આપણે પણ સ્વામિનારાયણ ભગવાનના ભક્તો છીએ તો ભગવાનનાં ભજનનું, ભક્તિનું, સત્સંગનું બળ રાખીશું તો આપણામાં પણ એવી શક્તિ આવશે અને કોઈપણ મંત્ર, તંત્ર, ભૂત, પ્રેત વગેરેની બીક નહી લાગે. અને સ્વામિનારાયણ ભગવાન આપણી સદાય રક્ષા કરશે.

●

## ખીરનો અનોખો સ્વાદ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ઘણીવાર એવા પ્રસંગો બનતા હોય છે કે તેમાં જે ત્વરિત બુદ્ધિનો ઉપયોગ કરે તો તેનું કામ થઈ જાય. જ્યારે એકથી વધું ત્વરિત વિચાર શક્તિ હોય તેવા વ્યક્તિ તેની બુદ્ધિના જોરે ફાયદો મેળવી લેતા હોય છે.

મિત્રો ! આજે આપણે એવી જ એક વાત વાંચીશું. જો ધ્યાનથી વાંચશો તો તરત જ ખ્યાલ આવી જશે. વાત છે ત્રણ મિત્રોની. આ ત્રણે મિત્રો કાંઈ જેવા તેવા નહીં હો, નાનપણથી સાથે ભણેલા, સાથે રમેલા અને સાથે ફરેલા. આવા આ ત્રણે મિત્રો મોટા થયા. સાથે કામ કરે. ખૂબજ હળી મળીને રહે. બધાને આ ત્રણેયની મિત્રતા જોઈ આનંદ થતો.

આ ત્રણે જણાએ એકવાર જાત્રાએ જવાનો વિચાર કર્યો. સારો વિચાર આવ્યો અને તેનો અમલ પણ કરી દીધો. ત્રણે મિત્રો જાત્રા કરવા ચાલી નીકળ્યા. એ વખતે આવા વાહન વ્યવહારની સગવડો ક્યાં હતી ! ચાલતા ચાલતા પ્રેમથી વાતો કરતા રસ્તો કાપતા સાંજ પડી જાય છે. અંધારૂં થવા આવ્યું. તેથી જે તે ગામમાં રાતવાસો કરવાનું નક્કી કર્યું. પૂછપરછ કરતા એક ધર્મશાળામાં ઉતારો મળી ગયો. આખો દિવસ ચાલેલા તેથી ભૂખ પણ બરાબર લાગેલી. ત્રણે પાકા ધાર્મિક હતા તેથી હોટલ કે લોજમાં તો ખાય નહી. ભૂખ તો બરાબર લાગેલી હતી. શું કરવું ?

ત્યાં તો વિચાર કર્યો. બીજું કશું કરવું નથી પણ ખીર બનાવી, પીઈ ને સૂઈ જઈએ. બજારમાંથી દૂધ, ચોખા, ખાંડ લાવીને સારી મજાની ખીર બનાવી. ભગવાનને ધરાવીને ત્રણે એ ખીર પીધી. એક એક તાંસળું ખીર પીધી. હવે થયું એવું કે એક તાંસળું ખીર વધી. આ વધારાની ખીર કોણ આરોગે ? પાકા મિત્રો વચ્ચે વાદ-વિવાદ થાય તે તો ઠીક નહી. તેથી ત્રણે એ વિચાર કર્યો. આ ખીર ઢાંકીને મુકી દઈએ. અને સૂઈ જઈએ. સવારે ઉઠી-પરવારીને પોતપોતાના સ્વપ્નની વાત કરવાની. જેને સારૂં સ્વપ્ન આવ્યું હોય તેણે આ એક તાંસળું ખીર આરોગી જવાની તેવું સર્વસંમતિથી નક્કી કર્યું.

આખો દિવસ ચાલેલા હતા તેથી થાક તો ઘણો લાગ્યો હતો. બધા સૂતા. બે જણા તો પડ્યા એવા સૂઈ ગયા. ત્રીજો મિત્ર થોડો, મોજીલો ને વિનોદી હતો. તે ઉઠ્યો અને પેલી ઢાંકેલી ખીર ઉપાડીને ઉભો ઉભો પી ગયો. અને પછી તે પણ સૂઈ ગયો. સવારે શું જવાબ દેવો તેની તરકીબ પણ તેણે સૂતા પહેલા વિચારી લીધી. કારણ કે તે વિનોદીની સાથે સાથે ત્વરિત બુધ્ધિવાળો પણ હતો. સવારે ત્રણે મિત્રો ઉઠ્યો. સ્નાનાદિક વિધિથી પરવારી પૂજા-પાઠ કર્યા. પછી બેસીને પોતપોતાના સ્વપ્નની વાતો શરૂ કરી.

પહેલા મિત્રે શરૂ કર્યું. મિત્રો ! શું વાત કરૂં. હું તો રાત્રે સ્વપ્નમાં વૈકુંઠમાં ગયો હતો. તેજ તેજના અંબાર છુટે. સોનાના સિંહાસનમાં ભગવાનના દર્શન કરીને ધન્ય ધન્ય થઈ ગયો. આ...હા....હા.... કેવું સરસ વૈકુંઠધામ ! કેવી સરસ એની શોભા.... મને તો ત્યાં જ રોકાઈ જવાનું મન થઈ ગયું. પણ શું થાય ! જાગી ગયો.

(અનુ. પેજ નં. ૨૯ ઉપર)

બીજા મિત્રે સ્વપ્નની વાત શરૂ કરી. હું રાત્રે કૈલાસમાં ગયો. મહાદેવજીના દર્શન થયા. શું કૈલાસની શોભા ! ભોળાનાથ અને પાર્વતીજીના દર્શન ઠંડુ ઠંડું વાતાવરણ અને મહાદેવજીના મસ્તક ઉપરથી ગંગાજી વહેતા હતા. શું સુંદર વાતાવરણ.... હું તો ગંગાજીના પ્રવાહમાં ન્હાવા લાગ્યો. પણ ઠંડીના કારણે એકદમ જાગી ગયો.

આ બંને મિત્રોએ પોતપોતાના સ્વપ્નની વાત કરી પછી પેલા ત્રીજા મિત્રને પૂછવા લાગ્યા. અમે તો અમારા સ્વપ્નની વાત કરી. હવે તું તારી વાત તો કર. ત્યારે ત્રીજો મિત્ર કહેવા લાગ્યો. તમારા બંનેના સ્વપ્ન ખૂબજ સરસ હતા. ખીર તો તમને જ મળવી જોઈએ. કારણ કે મારૂં સ્વપ્ન તો બહુ બીક લાગે તેવું હતું. બંને મિત્રો અંદર અંદર હરખાતા હરખાતા ત્રીજા મિત્રની વાત સાંભળવા આતુર થયા. આ ત્રીજો મિત્ર તો વાત કરવા લાગ્યો. રાત્રે મને સ્વપ્નમાં હનુમાનજી દેખાયા. મોટી આકૃતિ. હાથમાં ગદા, બીક લાગે તેવી મોટી મોટી આંખો, લાંબુ લચ પૂંછડું. હું તો આ જોઈને થરથર ધ્રૂજવા લાગ્યો. મેં તો હનુમાનજીને પૂછ્યું. દાદા ! મારો શું વાંક કે તમે મારી સામે મોટી મોટી આંખો કાઢો છો ? હનુમાનજીએ તો ગદાથી ગોદો માર્યો ને કહે, છાનો માનો ઉભો થા અને હું કહું તેમ કર. હું તો ઉભો થયો. આગળ હું અને પાછળ હનુમાનજી. મને ધક્કો મારતા મારતા ખીર પાસે લાવ્યા અને કહેવા લાગ્યા, આ વધારાની ખીર પી જા. ત્યારે મેં કહ્યું, દાદા ! એ તો જેને સારૂં સ્વપ્ન આવે તેમણે પીવાની છે. મારાથી તે ન પીવાય. ત્યાં તો દાદાએ ગદા ઉપાડી કહ્યું, પી જા નહીં તો ગદા મારીશ. પછી હું શું કરી શકું ? પછી ના છૂટકે ધ્રૂજતા ધ્રૂજતા એ ખીર હું પી ગયો.

બે મિત્રોના મોઢાં તો પડી ગયા પણ કહેવા લાગ્યા કે - મિત્ર ! તારે આવું થયું ત્યારે બુમો તો પાડવી હતી ! ત્યારે આ વિનોદી મિત્ર કહે, મેં કેટલી બધી બૂમો પાડી પણ તમે સાંભળતો તો ને..... મને ત્યારે થયું પણ ખરૂં કે કેમ તમે નહોતા સાંભળતા ? પણ હવે ખ્યાલ આવ્યો. આ બધું થયું ત્યારે તમે એક જણ વૈકુંઠમાં ને એક જણ કૈલાસમાં હતા તો મારી બૂમોને સાંભળે કોણ ! આ વિનોદી મિત્રની વાત સાંભળી બંને મિત્રો હસી પડ્યા. મિત્રો પાકા હતા એટલે મનદુ:ખ ન થયું પણ એક બીજા ખુશ થયા. અને આ મિત્રની બુધ્ધિ અને વિનોદીપણાની ચતુરાઈથી ખૂબ રાજી થયા.

મિત્રો ! જોયું ને ત્વરિત બુધ્ધિ અને વિનોદીપણું હોય તે માણસ આ રીતે ફાવી જાય. તમે બધા પણ આ રીતે પરસ્પર સારી મિત્રતા રાખી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના દૃઢ અને નિષ્ઠાવાન ભક્ત બની રહો, તમારા જીવનમાં પણ સંપ્રદાયના નિયમોનું મક્કમપણે પાલન કરવાની નિષ્ઠા વધે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના.